શ્રીમતી આર સી પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ-૧૧,૧૨ કોમર્સના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક હેતુસર છત્રાલ, કડી ખાતે કાર્યરત ચંદ્રેશ કેબલ પ્રા. લિ.ની મુલાકાત લીધી હતી. કંપની દ્વારા વિદ્યાર્થીઓને કોમર્સ ક્ષેત્રનું પ્રાયોગિક જ્ઞાન, ઉપરાંત માર્કેટિંગ, સંચાલન, ઉત્પાદન, કર્મચારી વ્યવસ્થા જેવી બાબતોની વિગતે સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને માર્ગદર્શન મેઘાબેન ભટ્ટ દ્વારા, આયોજન અરવિંદભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય વિનોદભાઈ પટેલે આ ઉપયોગી મુલાકાત બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકોને બિરદાવ્યા હતા.

ભારત વિકાસ પરિષદ દ્વારા

રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ : ૨૮ સ્કૂલ્સ સાજેદાર

ગાંધીનગર, તા. ૧૩

ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર શાખા દ્વારા રવિવારે ટાઉનહૉલ ખાતે રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ગાંધીનગરની ૨૮ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા હિન્દી અને સંસ્કૃત ભાષામાં રાષ્ટ્રભક્તિનાં ગીતો પ્રસ્તુત થયાં હતાં. પ્રાથમિક અને સંસ્કૃત વિભાગમાં બ્રાઇટ ઈન્ટરનેશનલ સ્કૂલ-વલાદ પ્રથમ વિજેતા રહી હતી માધ્યમિક વિભાગમાં અંધ શાળા, સૅક્ટર-૧૬ની ટીમ વિજેતા બની હતી. ત્રણેય વિભાગમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારી ટીમને ટ્રોફી ઉપરાંત ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થીને પણ ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

કેપીટીઍલ, ગાંધીનગર તરફથી કમલકિશોર જૈન, ઍનડીઆરઍફ તરફથી ડીસી રણવિજયકુમાર સિંઘ અને ડીઍસપી કોમલ વ્યાસે આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. ભારત વિકાસ પરિષદના પ્રમુખ મુકેશભાઈ રાવલ, મંત્રી નરેન્દ્રભાઈ પટેલ અને કાર્યક્રમના સંયોજક દિપકભાઈ પોલ તથા કારોબારી સભ્યોએ સ્પર્ધાની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

જન્મદિને વધામણી



હરિસિંહ કે માજીરાણા
મો. ૮૩૪૭૧૮૨૯૯૪

પાર્થ
મો. ૭૨૦૧૯૫૬૨૮૩

ઍમ બી પટેલ અંગ્રેજી સ્કૂલ દ્વારા હિન્દી દિવસની ઉજવણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં બેંક ઓફ બરોડા એકેડેમી, રાજકોટના સૌજન્યથી હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે જન્મદિન મુબારક થીમ પર કાર્ડ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦૬ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રત્યેક સ્પર્ધકને પ્રમાણપત્ર અને વિજેતાઓને પુરસ્કારો આપવામાં આવ્યાં હતાં. એકેડેમીના પ્રાચાર્ય મુકેશકુમાર, રાજભાષા અધિકારી ચંદ્રવીર રાઠોડ અને હરિહર દેમજીએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. આ સાથે શાળાના સામાન્ય બાળકોનો દિવ્યાંગ બાળકો સાથે મનમેળ થાય તે હેતુથી ગાંધીનગર અંધ શાળાના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે હિન્દી ગીતોની સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ૧૯ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. મનીષાબેન ત્રિપાઠી અને ચિત્રા વ્યાસે આ સ્પર્ધા માટે નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ પૂરી પાડી હતી. વિજેતાઓને બેંક ઓફ બરોડા દ્વારા રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

ધ અર્થિંગ ગ્રૂપ દ્વારા અમદાવાદમાં નિશુલ્ક થિયેટર સ્કૂલનો થયો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૩

થિયેટર ઍક્ટિવિટીને પ્રોત્સાહન આપવા માટે સતત પાંચમી વખત અમદાવાદમાં મોનસૂન થિયેટર સ્કૂલનું આયોજન કરવામાં આવ્યું છે.

ધ અર્થિંગ ગ્રૂપ દ્વારા યોજવામાં આવેલી આ મોનસૂન થિયેટર સ્કૂલ રસજ્ઞ કલાકારો માટે નિશુલ્ક યોજવામાં આવી છે. ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા કોઈપણ વ્યક્તિ આ સ્કૂલમાં ભાગ લઈ શકે છે. આજથી આરંભાયેલી આ થિયેટર સ્કૂલ આગામી તા. ૨૩ સુધી સાંજે ૬.૩૦થી ૧૦.૩૦ દરમિયાન કાર્યરત રહેશે.

નાટક કેવી રીતે કરાય, શું વાંચવું જોઈએ, પાત્રમાં કેવી રીતે ઢળાવવું, થિયેટર ફિલ્ડમાં કેરિયર બનાવવી હોય તો શું કરવું ? આ બધા જ પ્રશ્નોનો ઉત્તર આપવાનો આ સ્કૂલમાં પ્રયાસ થશે. શ્રેયસ ફાઉન્ડેશનના સહયોગથી આંબાવાડી, અમદાવાદ ખાતે આ મોનસૂન થિયેટર સ્કૂલનું આયોજન કરવામાં આવ્યું છે. સ્કૂલનો હેતુ થિયેટરનું સાચું અને સારું શિક્ષણ જે સાચા અર્થમાં નાટ્યકળા સાથે જોડાવા માગે છે અને નાટકના ક્ષેત્રમાં પોતાની કેરિયર બનાવવા માગે છે તેમના માટે એક યોગ્ય પ્લેટફોર્મ ઊભું કરવાનો છે.

થિયેટર અને ફિલ્મના જુદા જુદા તજ્જ્ઞો દ્વારા આ સ્કૂલ અંતર્ગત તાલીમાર્થીઓને તાલીમ પૂરી પાડવામાં આવશે.

આ મોનસૂન થિયેટર સ્કૂલમાં જોડાવા માટે મો. ૯૧૦૬૨ ૦૩૯૩૩ના માધ્યમથી સંસ્થાનો સંપર્ક સાધવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ડાયેટિશિયન બનવા માટે શું કરવું?

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે સુરત, અમદાવાદ, અને બનાસકાંઠાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

સૉફ્ટવેર એન્જીનિયર બનવા શું કરવું ?

૧. મે બી.એસ.સી ફૂડ એન્ડ ન્યુટ્રિશિયન વિષય સાથે કરેલ છે. મારે આગળ વધીને ડાયેટિશિયન બનવું છે.એના માટે ની શું પ્રક્રિયા હોય છે.માહિતી આપશો.

- શીતલ પંડ્યા, ગાંધીનગર

શીતલ, સૌપ્રથમ તો આપણે અભિનંદન કે આપે કારકિર્દી માટે બહુ સરસ અને અલગ માર્ગ પસંદ કરેલ છે.આપે જણાવ્યા મુજબ આપે બી.એસ.સી ફૂડ એન્ડ ન્યુટ્રિશિયન વિષય સાથે કરેલ છે.હવે આપની પાસે બે વિકલ્પ છે.એક તો તમે આ જ વિષય સાથે પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ કરી શકો છો અથવા ફૂડ અને ન્યુટ્રિશિયન માં આપ માસ્ટર ડિગ્રી એટ્લે કે એમ.એસ.સી કરી શકો છો.માસ્ટર ડિગ્રી માં આપને ઈંટરશિપ અને રિસર્ચ ના કારણે આ ક્ષેત્રે ઘણું સારું થીયરીટીકલ અને સાથે સાથે પ્રેક્ટિકલ જ્ઞાન પણ પ્રાપ્ત થશે જે તમને આગળ જતાં કામ લાગી શકે છે.આ દરમિયાન આપ ક્લિનિકલ હેલ્થ, બાળ-કુપોષણ વિભાગ, પબ્લિક હેલ્થ, ફૂડ પ્રોસેસિંગ જેવા એકાધિક ક્ષેત્રો માંથી કોઈ પણ ક્ષેત્રે આપ આપનું રિસર્ચ કરી શકો છો.જેમાં આપે હ્યૂમન ન્યુટ્રિશિયન , થેરાપિસ્ટ ન્યુટ્રિશિયન, ફૂડ સાયન્સ જેવા વિષયો પર ૬ થી ૮ મહિના ઈંટરશિપ કરવાની હોય છે.આ માસ્ટર ડિગ્રી માટે આપે સૌપ્રથમ તો કોઈ પ્રતિષ્ઠિત કોલેજ માં એડમિશન લેવું અગત્ય નું છે.જેમ કે લેડી ઇરવિન ક કોલેજ

(નવી દિલ્હી), હોમ ઈકોનોમિક્સ ઈન્સ્ટિટ્યૂટ, (નવી દિલ્હી) એસ.એન.ડી.ટી. મહિલા યુનિવર્સિટી (મુંબઈ), વુમન્સ ક્રિશ્ચિયન કોલેજ (ચેન્નઈ) અને અખિલ ભારતીય આરોગ્ય અને જાહેર આરોગ્ય સંસ્થા, નિર્મલા નિકેતન (મુંબઈ) જેવી પ્રતિષ્ઠિત કોલેજ માં આપ એડમિશન લઈ શકો છો.એક બાબત જણાવવા માંગીએ છીએ કે આ દરેક કોલેજ માં એડમિશન મેળવવા માટે આપે એક એંટરન્સ એકઝામ આપવાની રહે છે.હવે એક બીજી પણ અગત્ય ની બાબત એ છે કે ઘણા વિદ્યાર્થીઓને ન્યુટ્રિશિયન અને ડાયેટીશિયન વચ્ચે નો ફરક ખબર નથી હોતી. ન્યુટ્રિશિયન ફક્ત લોકો ને એમની જરૂરિયાત અને શરીર ના વજન ઉપર થી એમને કયા કયા ખોરાક લેવા જોઈએ એની માહિતી આપે છે.જ્યારે ડાયેટીશિયન શારીરિક રીતે અસ્વસ્થ લોકો (હોસ્પિટલ,નર્સિંગ વગેરે માં) ને અલગ અલગ ખોરાક એમની શારીરિક સ્થિતિ ચકાસી ને આપે છે.એટ્લે કે એક ડાયેટિશિયન,ન્યુટ્રિશિયન હોઈ શકે છે જ્યારે એક ન્યુટ્રિશિયન ડાયેટિશિયન હોય એ જરૂરી નથી.ડાયેટિશિયન બનવા માટે આપે "ઈંડિયન ડાયેટેટીક સોસાયટી" માં રજિસ્ટર કરવું જરૂરી છે.તો જ આપ રજિસ્ટર્ડ ડાયેટિશિન બની શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૨.હું હાલ ગવરમેન્ટ જોબની તૈયારી કરું છુ.આર્થિક પરિસ્થિતી ના કારણે હું એના માટે કોઈ ક્લાસ જોઇન કરી શકું એમ નથી.તો મારે ઘરે બેઠા જ શી રીતે તૈયારી શરૂ કરવી?માહિતી આપશો.

- મનીષ પ્રજાપતિ, માણસા

મનીષ,એ જાણીને આનંદ થયો કે આપનો ધ્યેય નક્કી છે અને આપ ગવરમેન્ટ જૉબ મેળવવા ઇચ્છો છો. હવે આપ એ માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પોતાની જાતે કરવા ઈચ્છો છો તેના મહત્વના મુદ્દા આપની સમક્ષ રજૂ કરીશું. સૌપ્રથમ તો આપની આપના ધ્યેય પ્રત્યે ગંભીરતા હોવી જરૂરી છે જે તમને સફળ થવા માટે ચોક્કસ મદદરૂપ થશે. સામાન્ય રીતે આપ કોઈ ક્લાસીસમાં જોડાવો છો તો આપને જોઈતું વાતાવરણ મળી શકતું હોય છે. જો આપ સેલ્ફ સ્ટડી કરતાં હોવ તો આપની મેહનત સતત અને નિયમિત હોવી જોઈએ એટ્લે કે આપે જે તે વિષય માટે વાંચન નિયમિત રીતે કરવું જરૂરી છે. એ માટે આપે સૌથી પહેલા તો જે તે પરીક્ષા નો અભ્યાસક્રમ જોવો જરૂરી છે. તેમાં આપેલ વિષય અને એમના ગુણભાર પ્રમાણે ટાઈમ ટેબલ બનાવવું અને એ અનુરુપ રોજ વાંચન કરવું. અભ્યાસક્રમ માટે આપ જે તે પરીક્ષાની સત્તાવાર સૂચના ધ્વારા જાણી શકો છો અને એને અનુરુપ તૈયારી કરી શકો છો. આ દરેક પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને જગ્યાને અનુરુપ પ્રશ્નો પૂછાતા હોય છે. ગણિતની વાત કરીએતો એ માટે આપ ને સૌપ્રથમ અમૂક ગણિતના સામાન્ય નિયમો જાણી

લેવા જોઈએ અને અમૂક શોર્ટ-કટ આવડવા જરૂરી છે જે માટે આપ કોઈ સારા પૂસ્તક ની મદદ લઈ શકો છો. એ જ પ્રમાણે આપ અંગ્રેજી અને જનરલ નોલેજ માટે અંગ્રેજી ન્યૂઝપેપરનું નિયમિત વાંચન કરી શકો છો. એ સિવાય સામાન્ય જ્ઞાનમાં ભૂગોળ , ઈતિહાસ , બંધારણ, જાહેર વહીવટ જેવા વિષયનો સમાવેશ થાય છે અને તે માટે આપ જી.સી.ઈ.આર.ટી અથવા એન.સી.ઈ.આર.ટી ના ધો.૫ થી ૧૦ના પૂસ્તકનું વાંચન કરી શકો છો. આવું કરવાથી આપનો પાયો મજબૂત બનશે અને ત્યારબાદ બજારમાં ઉપ્લબ્ધ કોઈ સારા પૂસ્તકનું ચયન કરવુ જરૂરી છે. અહીં એક વાત જણાવવા માંગીએ છીએ કે "કોઈ એક જ વિષયના દસ અલગ-અલગ પુસ્તક વાંચવા કરતા એક જ પુસ્તક દસ વખત વાંચવુ વધુ યોગ્ય છે". એટ્લેકે કોઈ એક વિષયના બજારમાં ઉપ્લબ્ધ એકાધિક પુસ્તક કરતા એક જ યોગ્ય પૂસ્તકનું નિયમિત વાંચન કરવુ. એ સિવાય આપ અલગ-અલગ વિષયનું જ્ઞાન મેળવવા માટે ઈન્ટરનેટ અથવા યુ-ટ્યુબનો પણ ઉપયોગ કરી શકો છો. આમ આપ ગંભીરતાપૂર્વક નિયમિત અને સતત મેહનત કરીને કોઈ પણ પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૩. હું અત્યારે બી.ફાર્મ કરી રહ્યો છું. યુ.પી.એસ.સી.ની પરીક્ષા અને તેમાં લેવાતા ઇન્ટરવ્યુ વિશે માહિતી આપશો.

- અનિમેષ પારગી

આપના પ્રશ્ન પરથી ખ્યાલ આવે છે કે આપ યૂ.પી.એસ.સી. સિવિલ સર્વિસિસ (સી.એસ.)ની વાત કરી રહ્યા છો. સિવિલ સર્વિસિસની પરીક્ષા ત્રણ તબક્કામાં થતી હોય છે. પ્રથમ તબક્કો જેને પ્રિલિમ્સ (પ્રાથમિક) પરીક્ષા કહેવાય છે. તેમાં બે ભાગ હોય છે – એપ્ટિટ્યૂડ ટેસ્ટ (સી.એસ.એ.ટી) અને જનરલ સ્ટડીઝ (જી.એસ.). તેમાં ઉતીર્ણ થયા બાદ આપે સિવિલ સર્વિસિસ મેઈન્સની (મુખ્ય) પરીક્ષા આપવાની રહે છે. તેમાં કુલ નવ પેપર હોય છે. તેમાંથી બે પેપર ભાષાના હોય છે – એક પેપર કોઈ પણ ભારતીય ભાષાનું અને બીજું પેપર અંગ્રેજી ભાષાનું. નિબંધ લેખન પર એક પેપર હોય છે. તદુપરાંત બે પેપર જનરલ સ્ટડીઝ અને બે પેપર ઓપ્શનલ સબ્જેક્ટ એટ્લે આપડે સિલેક્ટ કરેલા વિષયોમાંથી હોય છે. મુખ્ય પરીક્ષા પાસ કર્યા બાદ, ઈન્ટરવ્યૂ લેવાતા હોય છે. અને તે પણ પાસ કર્યા બાદ આપનું મેરીટ લિસ્ટ બને છે. મેરીટ પ્રમાણે પછી સિવિલ સર્વિસિસમાં જગ્યા મળતી હોય છે. સિવિલ સર્વિસિસ જેમ કે આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.આર.એસ., વિગેરેમાં મેરીટ પ્રમાણે જગ્યા મળી શકે છે. ઈન્ટરવ્યૂ માટે આપે વ્યવસ્થિત તૈયારી કરવાની રહે છે. સામાન્ય રીતે ઈન્ટરવ્યૂમાં પેનલ હોય છે.

ઈન્ટરવ્યૂ તમારી માનસિક સ્થિરતા અને ક્ષમતા ચકાસે છે. આપ કરંટ અફેર્સ નિયમિત વાંચો તેવી અપેક્ષા હોય છે. આપના ગ્રેજ્યુએશનના વિષયો ઉપર આપની મજબૂત પકડ હોવી જોઈયે. ઈન્ટરનેટ પર યૂ.પી.એસ.સી. ઈન્ટરવ્યૂના નામે ચાલતા ઘણા બધા પ્રશ્નો હકીકતમાં યૂ.પી.એસ.સી.ના હોતા નથી અને તેથી આવા પ્રશ્નોથી ભ્રમિત થવું નહીં. જો ઈન્ટરવ્યૂમાં કોન્ફિડંટ હશો તો આપ ચોક્કસ ઈન્ટરવ્યૂ પાસ કરી શકશો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www.facebook.com/questions.careercroner

બળિયા સાથે બાથ

એશિયાઈ અમલદારોનું મોટામાં મોટું થાણું જોહાનિસબર્ગમાં હતું. એ થાણામાં હિંદી, ચીના વગેરેનું રક્ષણ નહીં પણ ભક્ષણ થતું હતું એમ હું જોઈ રહ્યો હતો. મારી પાસે રોજ ફરીયાદો આવે: 'હકદાર દાખલ થઈ નથી શકતા. ને બેહક સો સો પાઉંડ આપીને આવ્યે જાય છે. આનો ઈલાજ તમે ન કરો તો કોણ કરશે ?' મને પણ એવી જ લાગણી હતી. જો આ સડો ન નીકળે તો મારું ટ્રાન્સવાલમાં વસવું ફોગટ ગણાય.

હું પુરાવા એકઠા કરવા લાગ્યો. જ્યારે મારી પાસે ઠીક જમાવ થયો ત્યારે હું પોલીસ કમિશનરની પાસે પહોંચ્યો. તેનામાં દયા અને ઈન્સાફ હતાં એમ મને લાગ્યું. મારી વાત છેક કાઢી નાખવાને બદલે તેણે ધીરજથી સાંભળી ને પુરાવા રજૂ કરવા કહ્યું. સાક્ષીઓને પોતે જ તપાસ્યા. તેની ખાતરી થઈ. પણ જેમ હું જાણતો હતો તેમ તે પણ જાણતો હતો કે દક્ષિણ આફ્રિકામાં ગોરા પંચોની પાસે ગોરા ગુનેગારને દંડ દેવડાવવો એ મુશ્કેલ હતું. 'તોપણ આપણે મહેનત તો કરીએ. આવા ગુનેગાર જૂરીને હાથે છૂટી જશે એવી બીકથી તેમને ન પકડાવવા એ પણ બરોબર નથી. એટલે હું તો તેમને પકડાવીશ. મારી મહેનતમાં કચાશ નહીં રાખું એટલી તમને ખાતરી આપું છું.'

મને ખાતરી હતી જ. બીજા અમલદારો ઉપર પણ શક તો હતો, પણ તેમની સામે મારી પાસે કાચો પુરાવો હતો. બેને વિષે મુદ્દલ શક નહોતો. તેથી બેની ઉપર વૉરન્ટ નીકળ્યાં.

મારી હિલચાલ છૂપી રહી જ ન શકે તેવી હતી. હું લગભગ રોજ પોલીસ કમિશનરને ત્યાં જાઉં એ ઘણા દેખે. આ બે અમલદારોના નાનામોટા જાસૂસો તો હતા જ. તેઓ મારી ઑફિસની ચોકી કરે ને મારી આવજાના ખબર પેલા અમલદારોને આપે. અહી મારે એટલું કહેવું જોઈએ કે મજકૂર અમલદારોનો ત્રાસ એટલો બધો હતો કે તેમને બહુ જાસૂસો નહોતા મળતા. હિંદીઓની તેમ જ ચીનાની મને મદદ ન હોત તો આ અમલદારો ન જ પકડાત.

આ બેમાંથી એક અમલદાર ભાગ્યો. પોલીસ કમિશનરે બહારનું વૉરન્ટ કઢાવી તેને પકડાવ્યો ને પાછો આણ્યો. કેસ ચાલ્યો. પુરાવા પણ સરસ પડયા. છતાં, અને એક તો ભાગ્યો હતો એમ જૂરીની પાસે પુરાવો પડયો હતો તોપણ, બંને છૂટી ગયા ! (ક્રમશઃ)



સૌજન્ય : સત્યના પ્રયોગો